# -:: પૂરક નોંધ ::-

ગુજરાત રાજ્યમાં નોંધાયેલ સહકારી સંસ્થાઓ તથા તેના સભાસદો વચ્ચેના લવાદી દાવાઓ/ તકરાર તથા પ્રશ્નોના સહકારી કાયદાની કલમ-૯૬ મુજબ નિરાકરણ માટે ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યમાં બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટની સ્થાપના કરવામાં આવેલી છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આવી ૧૫ કોર્ટ કાર્યરત છે.

**મુદ્દા નં. ૧ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં સહકાર પ્રભાગના તાબા હેઠળ બોર્ડ ઓફ નોમીની કોર્ટ કેટલી છે?**

આ સાથે સામેલ પત્રક-૧ ની વિગતે તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં કુલ-૧૫ (પંદર) બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ કાર્યરત છે. બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં સંયુક્ત રજિસ્ટ્રાર સંવર્ગ વર્ગ-૧ (ઉપલી કક્ષા)ની ૧૨(બાર) જગ્યાઓ તથા નાયબ રજિસ્ટ્રાર સંવર્ગ, વર્ગ-૧ ની ૩(ત્રણ) જગ્યાઓ મંજુર થયેલ છે.

**મુદ્દા નં. ૨ તે પૈકી કેટલી કોર્ટમાં કાયમી નિમણૂંક થયેલ અધિકારીઓ દ્વારા ચલાવવામાં આવે છે અને કેટલી કોર્ટનો ચાર્જ અન્ય અધિકારીઓને સોંપવામાં આવેલ છે?**

તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સરકારશ્રી દ્વારા કુલ-૮ (આઠ) કોર્ટમાં નિવૃત્ત સિવિલ જજશ્રીની પે માઈનસ પેન્શનના ધોરણે કરાર આધારિત નિમણૂંક કરેલ હતી તથા ૦૭(સાત) જગ્યાઓ ખાલી હતી. જે પૈકી ૦૨(બે) કોર્ટનો ચાર્જ અન્ય અધિકારીશ્રીને સોંપવામાં આવેલ હતો.

સંયુકત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદ(કોર્ટ નં.૧), (કોર્ટ નં.૨) તથા સંયુકત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, વડોદરા એમ કુલ-૦૩(ત્રણ) કોર્ટની જગ્યા પર નિમણૂંક પામેલ નિવૃત્ત સિવિલ જજશ્રીની નિમણૂંકની મુદત તા. ૩૦/૧૨/૨૦૨૩ ના રોજ પૂર્ણ થયેલ હોઈ સદર ૦૩(ત્રણ) જગ્યા તા. ૩૧/૧૨/૨૦૨૩ થી ખાલી રહેવા પામેલ હતી તથા તેઓ હસ્તક ચાર્જમાં રહેલ સંયુકત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદ(કોર્ટ નં.૩) તથા નાયબ રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, વડોદરાની ચાર્જવાળી ૦૨(બે) જગ્યા એમ મળી કુલ-૦૫(પાંચ) ખાલી જગ્યાનો તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ચાર્જ સુપ્રત થયેલ ન હતો.

મુદ્દા નં. ૩ ઉકત તમામ કોર્ટમાં ક્યા સુધીમાં કાયમી નિમણૂંક કરવામાં આવશે?

તા. ૩૧/૧૨/૨૦૨૩ ના રોજ બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટની કુલ–૦૭(સાત) ખાલી જગ્યાઓ પૈકી સંયુકત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદ(કોર્ટ નં.૧), (કોર્ટ નં.૨) તથા સંયુકત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, વડોદરા એમ કુલ–૦૩(ત્રણ) જગ્યા પર સરકારશ્રી દ્વારા તા. ૦૩/૦૧/૨૦૨૪ ની અધિસૂચનાથી તથા નાયબ રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, વડોદરાની ૦૧(એક) જગ્યા પર સરકારશ્રી દ્વારા તા. ૨૨/૦૧/૨૦૨૪ની અધિસૂચનાથી નિવૃત્ત સિવિલ જજશ્રીની પે માઈનસ પેન્શનના ધોરણે કરાર આધારિત નિમણૂંક થયેલ છે. સદર અધિકારીશ્રીઓ હાલ નિમણૂંકવાળી જગ્યાએ ફરજ બજાવે છે.

સંયુકત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, ભાવનગર તરીકે ફરજ બજાવતા શ્રી એસ.યુ.ધોળકિયાએ તા. ૦૮/૦૧/૨૦૨૪ ના રોજથી રાજીનામું આપેલ છે. આમ, તા. ૧૫/૦૨/૨૦૨૪ ની સ્થિતિએ સંયુકત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદ(કોર્ટ નં.૩), સંયુકત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, રાજકોટ, સંયુકત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, વલસાડ તથા સંયુકત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, ભાવનગર એમ કુલ–૦૪(ચાર) જગ્યાઓ ખાલી છે. સદર ખાલી જગ્યાઓ ભરવા અંગે સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ છે.

રાજયની બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટની તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ માહિતી દર્શાવતું પત્રક–૧ તથા તા. ૧૫/૦૨/૨૦૨૪ ની સ્થિતિએ માહિતી દર્શાવતું પત્રક–૨ આ સાથે સાદર કરેલ છે.

# પૂરક નોંધ સંદર્ભે વધારાની વિગતો.

| અ.નં. | વિગત | પૂરક નોંધ |
|---|---|---|
| (૧) | બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં નોમીની(સભ્ય) માટેની લાયકાતો કાયદાની કઇ જોગવાઇથી નકકી થયેલ છે. | ➢ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ અંતર્ગત ગુજરાત સહકારી મંડળી નિયમ–૧૯૬૫ ના નિયમ–૪૦ માં સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૧૭/૦૨/૨૦૦૭ ના જાહેરનામા ક્રમાંકઃ જીએચકેએચ/૯/સીડીઇ/૧૦૨૦૦૬/૨૩૨૦/કે થી સુધારા થઇ આવેલ છે. જેમાં, નિયમ–૪૦(ક) થી બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં નોમીનીની લાયકાત નકકી કરવામાં આવેલ છે. જેમાં,<br>➢ સિનીયર સિવિલ જજથી ઓછો દરજ્જો ધરાવેલ અથવા ધરાવતી ન હોય તેવી વ્યકિતને, અથવા<br>➢ વકીલ/પ્લીડર તરીકે પ્રેકટિસ કરતા હોય અને વકીલાતમાં ૧૦(દસ) વર્ષ કરતાં ઓછો અનુભવ ધરાવતી ન હોય તેવી વ્યકિતને, અથવા<br>➢ એડવોકેટ તરીકે નોંધાયેલ હોય અથવા કાયદાની માન્ય ડિગ્રી(એલએલ.બી.) ધરાવતા હોય અને કાયદાથી સ્થાપિત યુનિવર્સિટી અથવા ઓથોરિટીએ જેઓને એડવોકેટ તરીકે નોંધણી માટે લાયક ઠરાવેલ હોય તેવા, અને<br>(૧) સંયુકત રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દરજ્જાના અધિકારીશ્રી, અથવા<br>(૨) નાયબ રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ તરીકેનો હોદો ધરાવતા હોય અને નાયબ રજિસ્ટ્રાર તરીકેની કામગીરીનો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હોય તેવા નાયબ રજિસ્ટ્રાર દરજ્જાના અધિકારીશ્રીને નિમણૂંક આપી શકાશે તેમ ઠરાવેલ છે. |

| | | |
|---|---|---|
| | | ➢ નોમીની તરીકે નિયુકત થયેલ વ્યકિતની ઉંમર ૬૫ વર્ષથી વધુ હોવી જોઇશે નહીં.<br>ગુજરાત કો.ઓપ.બાર એસોસીએશન દ્વારા નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષ દાખલ કરાયેલ MISC. CIVIL APPLICATION (FOR REVIEW) NO. 2908 OF 2011 IN SPECIAL CIVIL APPLICATION NO. 676 OF 2011 માં નામદાર હાઇકોર્ટ દ્વારા તા. ૧૧/૦૯/૨૦૧૫ ના ચુકાદાથી બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટના નોમીની(સભ્ય) તરીકે નિમણૂંક માટે જયુડીશ્યલ ઓફીસર તરીકેનો અનુભવ પાંચ વર્ષ કરતાં ઓછો ન હોવો જોઇએ અથવા જયુડીશ્યલ ઓફીસર જેવા કે એડવોકેટ તરીકેનો અનુભવ પાંચ વર્ષ કરતાં ઓછો ન હોવો જોઇએ તે મુજબ આદેશ કરેલ છે. |
| (૨) | બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં નોમીની(સભ્ય) તરીકે નિમણૂંક અંગે શરતો કઇ–કઇ છે. | ગુજરાત રાજયમાં કુલ–૧૫ (પંદર) બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ કાર્યરત છે. બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં સંયુક્ત રજિસ્ટ્રાર સંવર્ગ વર્ગ–૧ (ઉપલી કક્ષા)ની ૧૨(બાર) જગ્યાઓ તથા નાયબ રજિસ્ટ્રાર સંવર્ગ, વર્ગ–૧ ની ૩(ત્રણ) જગ્યાઓ મંજુર થયેલ છે.<br>સહકાર ખાતામાં સંયુકત રજિસ્ટ્રાર તથા નાયબ રજિસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા હોય તેવા અધિકારીશ્રીઓ ને બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં નોમીની તરીકે નિમણૂંક આપવાની પ્રથા અમલમાં હતી.<br>સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૧૭/૦૨/૨૦૦૭ ના જાહેરનામા ક્રમાંકઃ જીએચકેએચ/૯/ સીડીઇ/૧૦૨૦૦૬/૨૩૨૦/કે અન્વયે ગુજરાત સહકારી મંડળી નિયમો ૧૯૬૫ ના નિયમ–૪૦(ક) થી બોર્ડ ઓફ નોમીની તરીકે નિમણૂંકની લાયકાત નકકી થઇ આવતાં સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૦૮/૦૨/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ સીડીઇ/૧૦૨૦૦૭/૨૦૯૨/પા.ફા./ક થી બોર્ડ ઓફ નોમીની તરીકે નિયત અનુભવ ધરાવતા<br>એડવોકેટસની નિમણુંક કરવા અંગેની શરતો / બોલીઓ નિયત કરવામાં આવેલ છે તથા તા. |

| | | |
|---|---|---|
| | | ૩૧/૦૩/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ સીડીઇ/૧૦૨૦૦૭/૨૦૯૨/પા.ફા./ક થી બોર્ડ ઓફ નોમીની તરીકે નિયત અનુભવ ધરાવતા એડવોકેટસની નિમણુંક કરવાની કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવેલ છે. |
| (૩) | બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં નોમીની(સભ્ય) તરીકે નિમણૂંકની પધ્ધતિ કઇ છે. | ➢ રાજયની બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં નોમીની(સભ્ય) તરીકે પસંદગીની પ્રક્રિયા સરકારશ્રીના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે છે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ધ્વારા નોમીની તરીકે નિવૃત સિવિલ જજશ્રીની પસંદગી કરી તેઓની સેવાઓ રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરના હવાલે મુકવામાં આવે છે.<br>➢ રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગર ધ્વારા સંબંધિત નોમીનીશ્રીની જે જિલ્લામાં નિમણૂંક થયેલ હોય તે જિલ્લાના લવાદી દાવાઓના નિકાલ કરવા અંગેની ફરજો બજાવવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯૮ ની જોગવાઇ મુજબ નોમીનીશ્રીને અધિકૃત કરવામાં આવે છે. |
| (૪) | બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં નોમીની(સભ્ય) તરીકે નિમણૂંકપામતા અધિકારીશ્રી ને વેતન બાબતે શી જોગવાઇ છે | ➢ સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૦/૧૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ સીડીઇ/૧૦૨૦૧૩/૮૫૩/ક થી બોર્ડ ઓફ નોમીની તરીકે નિમણૂંક પામતા નિવૃત ન્યાયિક અધિકારીશ્રીઓને આપવાના થતા પગાર-ભથ્થા તેમજ નિમણૂંકની બોલીઓ અને શરતો નકકી કરવામાં આવેલ છે. જેમાં નિવૃત ન્યાયિક અધિકારીશ્રીઓને પે માઇનસ પેન્શનના ધોરણે એકત્રિત માસિક વેતન તથા અન્ય મળવાપાત્ર લાભો નિયત કરેલ છે. |

**પત્રક-૧**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૫/૪/૨૫૩૪**

**માન. ધારાસભ્ય શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ) પરત્વે આપવાની થતી માહિતીનું પત્રક.**

**તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટની માહિતી બાબત.**

| અનું. નં. | જગ્યાનું નામ | અધિકારીશ્રીનું નામ | ક્યારથી ફરજ બજાવે છે? | મુદત પૂર્ણ થવાની તારીખ | ખાલી જગ્યાનો ચાર્જ કોની પાસે છે તે અધિ.શ્રીનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદ (કોર્ટ નં.૩) | ખાલી જગ્યા | ----- | ------ | શ્રી જે.કે.આચાર્ય હસ્તક ચાર્જ હતો. તેઓની મુદત તા. ૩૦/૧૨/૨૦૨૩ ના રોજ પૂર્ણ થતાં સદર જગ્યાનો ચાર્જ સુપ્રત થયેલ નથી. |
| ૨ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદ (કોર્ટ નં.૨) | ખાલી જગ્યા | ----- | ------ | તા.૩૦/૧૨/૨૩ ના રોજ મુદત પૂર્ણ થતાં તા.૩૧/૧૨/૨૩ થી જગ્યા ખાલી છે. |
| ૩ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદ (કોર્ટ નં.૧) | ખાલી જગ્યા | ----- | ------ | તા.૩૦/૧૨/૨૩ ના રોજ મુદત પૂર્ણ થતાં તા.૩૧/૧૨/૨૩ થી જગ્યા ખાલી છે. |
| ૪ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, વડોદરા | ખાલી જગ્યા | ----- | ------ | તા.૩૦/૧૨/૨૩ ના રોજ મુદત પૂર્ણ થતાં તા. ૩૧/૧૨/૨૩ થી જગ્યા ખાલી છે. |
| ૫ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, સુરત. | શ્રી બી. કે. હરિયાણી, નિવૃત્ત સિવિલ જજશ્રી | ૧૭/૦૮/'૨૩ | ૧૬/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ------ |

| અનું . નં. | જગ્યાનું નામ | અધિકારીશ્રી નું નામ | ક્યારથી ફરજ બજાવે છે? | મુદત પૂર્ણ થવાની તારીખ | ખાલી જગ્યાનો ચાર્જ કોની પાસે છે તે અધિ.શ્રીનું નામ |
|---|---|---|---|---|---|
| ૬ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, આણંદ | શ્રી એસ. એસ. જોષી નિવૃત્ત સિવિલ જજશ્રી | ૧૮/૦૮/' ૨૩ | ૧૭/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |
| ૭ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, રાજકોટ | ખાલી જગ્યા | ------ | ------ | વિભાગની તા. ૧૪/૮/૨૩ ની અધિસૂચનાથી શ્રી બી.કે.ગોસાઇને નિમણૂંક આપેલ છે. શ્રી ગોસાઇ સદર જગ્યાએ હાજર થયેલ નથી. **હાલ શ્રી જે. એન. દવે ચાર્જમાં છે.** |
| ૮ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, મહેસાણા | શ્રી એમ. એસ. બ્રહ્મભટ્ટ, નિવૃત્ત સિવિલ જજશ્રી | ૨૧/૦૮/' ૨૩ | ૨૦/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |
| ૯ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, ભાવનગર | શ્રી એસ. યુ. ધોળકીયા, નિવૃત્ત સિવિલ જજશ્રી | ૨૧/૦૮/' ૨૩ | ૨૦/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |
| ૧૦ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, ગોધરા | શ્રી એ.ડી. અણેરાવ, નિવૃત્ત સિવિલ જજશ્રી | ૨૧/૦૮/' ૨૩ | ૨૦/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |
| ૧૧ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, વલસાડ | ખાલી જગ્યા | ------ | ------ | શ્રી બી. કે. હરિયાણી ચાર્જમાં છે. |

| અનું. નં. | જગ્યાનું નામ | અધિકારીશ્રીનું નામ | ક્યારથી ફરજ બજાવે છે? | મુદત પૂર્ણ થવાની તારીખ | ખાલી જગ્યાનો ચાર્જ કોની પાસે છે તે અધિ.શ્રીનું નામ |
|---|---|---|---|---|---|
| ૧૨ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, નડીયાદ | શ્રી શૈલેષ એમ. બેલાણી, નિવૃત્ત સિવિલ જજશ્રી | ૧૭/૦૮/'૨૩ | ૧૬/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |
| ૧૩ | નાયબ રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદ (કોર્ટ નં. ૪) | શ્રી જે. જી. વડોદરીયા, નિવૃત્ત સિવિલ જજશ્રી | ૧૭/૦૮/'૨૩ | ૧૬/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |
| ૧૪ | નાયબ રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, વડોદરા | ખાલી જગ્યા | ------ | ------ | તા.૨૫/૦૯/૨૩ ના રોજ મુદત પૂર્ણ થતાં તા.૨૬/૦૯/૨૩ થી જગ્યા ખાલી છે. શ્રી બી.ડી.પીઠવા હસ્તક સદર જગ્યાનો ચાર્જ હતો. શ્રી પીઠવાની મુદત તા. ૩૦/૧૨/૨૩ ના રોજ પૂર્ણ થતાં સદર જગ્યાનો ચાર્જ સુપ્રત થયેલ નથી. |
| ૧૫ | નાયબ રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, રાજકોટ | શ્રી જે. એન. દવે, નિવૃત્ત સિવિલ જજશ્રી | ૧૮/૦૮/'૨૩ | ૧૭/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |

**પત્રક–૨**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૫/૪/૨૫૩૪**

**માન. ધારાસભ્ય શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ) પરત્વે આપવાની થતી માહિતીનું પત્રક.**

**તા. ૧૫/૦૨/૨૦૨૪ ની સ્થિતિએ રાજ્યમાં બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટની માહિતી બાબત.**

| અનું. નં. | જગ્યાનું નામ | અધિકારીશ્રીનું નામ | ક્યારથી ફરજ બજાવે છે? | મુદત પૂર્ણ થવાની તારીખ | ખાલી જગ્યાનો ચાર્જ કોની પાસે છે તે અધિ.શ્રીનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદ (કોર્ટનં.૩) | ----- | ----- | ------ | શ્રી જે.કે.આચાર્ય હસ્તક ચાર્જ હતો. તેઓની મુદત તા. ૩૦/૧૨/૨૦૨૩ ના રોજ પૂર્ણ થતાં સદર જગ્યાનો ચાર્જ સુપ્રત થયેલ નથી. |
| ૨ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદ (કોર્ટનં.૨) | શ્રી જે. કે. આચાર્ય, નિવૃત્ત સિવિલ જજશ્રી | ૦૫/૦૧/'૨૪ | ૦૪/૧/૨૫ ના રોજ મુદત પૂર્ણ થશે | ------ |
| ૩ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદ (કોર્ટનં.૧) | શ્રી એચ.જે. નેનુજી નિવૃત્ત સિવિલ જજશ્રી | ૦૪/૦૧/'૨૪ | ૦૩/૧/૨૫ ના રોજ મુદત પૂર્ણ થશે | ------ |
| ૪ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, વડોદરા | શ્રી ભરતકુમાર ડી. પીઠવા નિવૃત્ત સિવિલ જજશ્રી | ૦૫/૦૧/'૨૪ | ૦૪/૧/૨૫ ના રોજ મુદત પૂર્ણ થશે | ------ |
| ૫ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, | શ્રી બી. કે. હરિયાણી, | ૧૭/૦૮/'૨૩ | ૧૬/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ------ |

| અનું. નં. | જગ્યાનું નામ | અધિકારીશ્રીનું નામ | ક્યારથી ફરજ બજાવે છે? | મુદત પૂર્ણ થવાની તારીખ | ખાલી જગ્યાનો ચાર્જ કોની પાસે છે તે અધિ.શ્રીનું નામ |
|---|---|---|---|---|---|
| | બોર્ડ ઓફ નોમીનીઝ, સુરત. | નિવૃત્ત સિવિલ જજશ્રી | | | |
| ૬ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, આણંદ | શ્રી એસ. એસ. જોષી નિવૃત્ત સિવિલ જજશ્રી | ૧૮/૦૮/'૨૩ | ૧૭/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |
| ૭ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, રાજકોટ | ખાલી જગ્યા | ------ | ------ | વિભાગની તા. ૧૪/૮/૨૩ ની અધિસૂચનાથી શ્રી બી.કે.ગોસાઇને નિમણૂંક આપેલ છે. શ્રી ગોસાઇ સદર જગ્યાએ હાજર થયેલ નથી. **હાલ શ્રી જે. એન. દવે ચાર્જમાં છે.** |
| ૮ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, મહેસાણા | શ્રી એમ. એસ. બ્રહ્મભટ્ટ, નિવૃત્ત સિવિલ જજશ્રી | ૨૧/૦૮/'૨૩ | ૨૦/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |
| ૯ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ,ભાવનગર. | ખાલી જગ્યા | ------- | ------ | શ્રી એસ. યુ. ધોળકીયાએ તા. ૦૮/૦૧/૨૦૨૪ ના રોજ રાજીનામુ આપતા જગ્યા ખાલી પડેલ છે. |
| ૧૦ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, ગોધરા | શ્રી એ.ડી. અણેરાવ, નિવૃત્ત સિવિલ જજશ્રી | ૨૧/૦૮/'૨૩ | ૨૦/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |
| ૧૧ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ | ખાલી જગ્યા | ------ | ------ | શ્રી બી. કે. હરિયાણી |

| અનું. નં. | જગ્યાનું નામ | અધિકારીશ્રી નું નામ | ક્યારથી ફરજ બજાવે છે? | મુદત પૂર્ણ થવાની તારીખ | ખાલી જગ્યાનો ચાર્જ કોની પાસે છે તે અધિ.શ્રીનું નામ |
|---|---|---|---|---|---|
| | નોમીનીઝ, વલસાડ | | | | |
| ૧૨ | સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, નડીયાદ | શ્રી શૈલેષ એમ. બેલાણી, નિવૃત્ત સિવિલ જજશ્રી | ૧૭/૦૮/'૨૩ | ૧૬/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |
| ૧૩ | નાયબ રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદ(કોર્ટનં. ૪) | શ્રી જે. જી. વડોદરીયા, નિવૃત્ત સિવિલ જજશ્રી | ૧૭/૦૮/'૨૩ | ૧૬/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |
| ૧૪ | નાયબ રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, વડોદરા | શ્રી દિલીપ આઇ.પટેલ નિવૃત્ત સિવિલ જજશ્રી | ૨૩/૦૧/'૨૪ | ૨૨/૧/૨૫ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |
| ૧૫ | નાયબ રજીસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, રાજકોટ | શ્રી જે. એન. દવે, નિવૃત્ત સિવિલ જજશ્રી | ૧૮/૦૮/'૨૩ | ૧૭/૮/૨૪ ના રોજ મુદત પૂર્ણ થશે | ---- |